For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

રોકડ સહિત માલમતાની ચોરી, CCTVમાં કેદ થયા ચોરોના કારનામા

હાથીખાના APMC માર્કેટમાં તસ્કરોનો તરખાટ

૧૧ દુકાનોના તાળા તોડી ૩.૧૧.૧૭ લાખની રોકડની ચોરી

બુરખાધારી ત્રણ શખ્સોએ મોડી રાત્રે માર્કેટને બનાવ્યું નિશાન

8 દુકાનોમાંથી રોકડ રકમની ચોરી, 3 દુકાનોના તાળા તોડ્યા છતાં માલસામાન સુરક્ષિત

વડોદરાના વ્યસ્ત હાથીખાના માર્કેટમાં એક જ રાતમાં 10થી વધુ અનાજ-કરિયાણાની દુકાનોના તાળા તોડી તસ્કરોએ ચોરીનો તરખાટ મચાવ્યો હતો. રવિવારે સવારે વેપારીઓ દુકાનો ખોલવા પહોંચતા ચોરીની ઘટના પ્રકાશમાં આવી હતી. રોકડ રકમ સહિતનો મુદ્દામાલ ચોરી થતાં વેપારીઓમાં ભય અને રોષનો માહોલ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં ડીસીપી ઝોન-4 એન્ડ્રુ મેકવાન સહિત પોલીસ અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. માર્કેટમાં લગાવેલા CCTV કેમેરામાં શંકાસ્પદ શખ્સો તાળા તોડતા કેદ થયા હોવાનું સામે આવ્યું છે. પોલીસે ફૂટેજના આધારે તસ્કરોને શોધવા તપાસ તેજ કરી છે.

(પ્રતિનિધિ) વડોદરા, તા. 14

વડોદરાના હાથીખાના APMC માર્કેટમાં શનિવારની મોડી રાત્રે તસ્કરોએ ધાડસી ચોરીને અંજામ આપ્યો હતો. બુરખાધારી ત્રણ અજાણ્યા શખ્સોએ માર્કેટની 11 દુકાનોના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. જેમાંથી 8 દુકાનોના કેશ કાઉન્ટરમાં રાખેલી રૂ.11.17 લાખથી વધુની રોકડ રકમ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. રવિવારે સવારે માર્કેટના સિક્યુરિટી સુપરવાઇઝરે વેપારીઓને ઘટનાની જાણ કરતા સમગ્ર માર્કેટમાં ખળભળાટ મચી ગયો હતો.

હાથીખાના APMC માર્કેટમાં આવેલી સાગર ટ્રેડર્સના માલિક અનીલભાઈ પ્રભુદાસ રોહેરાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ શનિવારે રાત્રે દુકાન બંધ કરીને ઘરે ગયા હતા. રવિવારે સવારે માર્કેટના સિક્યુરિટી સુપરવાઇઝરનો ફોન આવતા તેઓ દુકાન પર પહોંચ્યા હતા. ત્યાં પહોંચતા તેમની દુકાનના તાળા તૂટેલા જોવા મળ્યા હતા. દુકાનના કેશ કાઉન્ટરના ડ્રોઅર તોડી અંદર રાખેલા રૂ.1.34 લાખની રોકડ રકમ ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે તસ્કરોએ એક સાથે માર્કેટની અનેક દુકાનોને નિશાન બનાવી હતી. શ્રી કૃષ્ણ ટ્રેડિંગ કંપનીમાંથી રૂ.18 હજાર, રાજેન્દ્ર મોહનલાલ શાહની દુકાનમાંથી રૂ.40 હજાર, જય પુરુષોત્તમ ટ્રેડર્સમાંથી રૂ.40 હજાર, કેદારેશ્વર સેલ્સમાંથી રૂ.3 લાખ, રામચંદ એન્ડ સન્સમાંથી રૂ.35 હજાર અને શિવશક્તિ ટ્રેડર્સમાંથી રૂ.5.50 લાખની રોકડ ચોરી કરવામાં આવી હતી.

આ ઉપરાંત કેશવ ટ્રેડર્સમાંથી પણ રોકડ રકમની ચોરી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. જ્યારે ગોડાઉન નં. ઈ-11, ડી.વી. એન્ડ કંપની તથા પ્રભુલાલ એન્ડ સન્સના તાળા તોડી અંદર પ્રવેશ કરવામાં આવ્યો હતો, પરંતુ ત્યાંથી કોઈ માલસામાન કે રોકડની ચોરી થઈ નહોતી.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે તા.13 જૂનની રાત્રે દુકાનો બંધ થયા બાદથી 14 જૂનની વહેલી સવારે આશરે 3:30 વાગ્યા દરમિયાન બુરખાધારી ત્રણ અજાણ્યા શખ્સોએ આ ચોરીને અંજામ આપ્યો હતો. તસ્કરોએ દુકાનોના તાળા અને કેશ કાઉન્ટરના ઈન્ટરલોક તોડી કુલ રૂ.11.17 લાખની રોકડ રકમની ચોરી કરી હતી.

ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને માર્કેટમાં લગાવવામાં આવેલા CCTV કેમેરાના ફૂટેજના આધારે આરોપીઓની ઓળખ મેળવવા અને તેમની ધરપકડ માટે કાર્યવાહી હાથ ધરી છે. એક જ રાત્રે 11 દુકાનોમાં થયેલી ચોરીની ઘટનાએ વેપારીઓમાં ભય અને રોષની લાગણી ફેલાવી દીધી છે.

પતિના મૃત્યુ બાદ LICની રકમમાં ગોટાળો !

વિધવા પત્નીનું નામ છુપાવી સાસુના ખાતામાં ૩.૫૨ હજાર ટ્રાન્સફર કરાવાયા

સાસુ, દિયર અને LIC એજન્ટ સામે છેતરપિંડીની ફરિયાદ

વારસદાર કોલમ ખાલી રાખી દસ્તાવેજોમાં ગેરરીતિ કર્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરામાં LIC પોલિસીની રકમ હડપ કરવા માટે વિધવા પત્નીનું નામ જ દસ્તાવેજોમાંથી ગાયબ કરી દેવામાં આવ્યું હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પતિના અવસાન બાદ પોલિસીની રૂ.52 હજારની રકમ સાસુના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી દેવામાં આવી હોવાના આક્ષેપ સાથે મહિલાએ પોતાની સાસુ, દિયર અને LIC એજન્ટ સામે રાવપુરા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

વડોદરાના વીઆઈપી રોડ સ્થિત વાઘેશ્વરી હાઉસિંગ સોસાયટીમાં રહેતા અનારબેન રીકેશભાઈ શાહે રાવપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમના પતિ રીકેશભાઈનું વર્ષ 2014માં બીમારીના કારણે અવસાન થયું હતું. તેમના લગ્ન પહેલાં રીકેશભાઈના નામે LICની પોલિસી લેવામાં આવી હતી.

પતિના અવસાન બાદ સાસુ નીરૂબેન ભરતભાઈ શાહ, દિયર સૌરીન ભરતકુમાર શાહ અને LIC એજન્ટ જયેશભાઈ ભરતભાઈ ખેડાવાલાએ મળીને વર્ષ 2016માં પોલિસીની રૂ.52 હજારની રકમ ઉપાડી લીધી હતી. આ અંગે શંકા જતાં અનારબેને LICની નવરંગ શાખામાંથી RTI હેઠળ દસ્તાવેજોની નકલો મેળવી હતી.

દસ્તાવેજોની તપાસમાં સામે આવ્યું હતું કે પોલિસીની રકમ નીરૂબેન શાહના બેંક ખાતામાં જમા કરાવવામાં આવી હતી. વધુમાં, પોલિસીના વારસદાર નિયુક્તિ ફોર્મમાં વિધવા પત્ની માટેનો કોલમ ખાલી રાખવામાં આવ્યો હતો અને તેમાં સાસુ તથા દિયરને વારસદાર તરીકે દર્શાવવામાં આવ્યા હતા.

એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે અરજદાર જીવિત અને કાયદેસર પત્ની હોવા છતાં તેમનું નામ દસ્તાવેજોમાં દાખલ કરવામાં આવ્યું નહોતું. LIC એજન્ટ જયેશ ખેડાવાલાએ પણ પત્ની હોવાની જાણકારી હોવા છતાં સાક્ષી તરીકે સહી કરીને પ્રક્રિયામાં સહભાગી બન્યાનો આરોપ છે.

અનારબેને આક્ષેપ કર્યો છે કે ત્રણેય આરોપીઓએ મળીને જાણીજોઈને દસ્તાવેજોમાં ગેરરીતિ કરી વીમાની રકમ ઉપાડી છેતરપિંડી આચરી હતી. રાવપુરા પોલીસે ફરિયાદના આધારે સાસુ, દિયર અને LIC એજન્ટ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા શહેર-જિલ્લામાં અકસ્માતના બનાવો યથાવત

વાઘોડિયાના દખેડા પાસે કાળમુખા ડમ્પરે દંપતીને કચડ્યું, બંનેનાં ઘટનાસ્થળે જ મોત

વાઘોડિયા જઈ રહેલા વસાવા પરિવારને નડ્યો કાળ, અકસ્માત સર્જી ડમ્પર ચાલક ફરાર

(પ્રતિનિધિ) વાઘોડિયા/વડોદરાતા.૧૪

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના દખેડા ગામ પાસે આજે એક અત્યંત હૃદયદ્રાવક અને ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલા એક કાળમુખા ડમ્પરે મોટરસાયકલ સવાર દંપતીને અડફેટે લેતાં બંનેનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યાં મોત નીપજ્યાં હતાં. અકસ્માત એટલો ભયાનક હતો કે રોડ પર લોહીના ખાબોચિયાં ભરાઈ ગયાં હતાં અને માનવ માંસના લોચા રોડ પર ફેલાઈ જતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

મળતી વિગતો મુજબ, ચંદ્રકાંતભાઈ વસાવા ઉંમર ૫૦ વર્ષ અને તેમનાં પત્ની હંસાબેન વસાવા ઉંમર ૪૫ વર્ષ. પોતાની મોટરસાયકલ પર સવાર થઈને દખેડાથી વાઘોડિયા તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન માર્ગ પરથી પસાર થઈ રહેલા એક બેફામ ડમ્પરે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ડમ્પરની સ્પીડ એટલી વધારે હતી કે આખેઆખી બાઈક ડમ્પરના વ્હીલ નીચે ફસાઈ ગઈ હતી અને દંપતી રોડ પર ફંગોળાયું હતું.

ચંદ્રકાંતભાઈ ડમ્પરના તોતિંગ વ્હીલ નીચે આવી જતાં કચડાઈ ગયા હતા, જેના કારણે તેમનું અને તેમની પત્ની હંસાબેનનું ગંભીર ઈજાઓ થવાને લીધે ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઊડી ગયું હતું. અકસ્માતને પગલે આસપાસના સ્થાનિક લોકો અને વાહનચાલકોના ટોળેટોળાં ઘટનાસ્થળે ઉમટી પડ્યાં હતાં. લોકોની ભારે ભીડ એકઠી થતી જોઈને અકસ્માત સર્જનાર ડમ્પર ચાલક પોતાનું વાહન રસ્તા પર જ મૂકીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ વાઘોડિયા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સ્થાનિકોની મદદથી ડમ્પર નીચે ફસાયેલા મૃતદેહોને બહાર કાઢવાની તજવીજ હાથ ધરી હતી અને પંચનામું કરી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. વાઘોડિયા પોલીસે ફરાર ડમ્પર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. એકસાથે પતિ-પત્ની બંનેના મોતથી વસાવા પરિવાર સહિત સમગ્ર પંથકમાં ભારે શોકની કાલિમા છવાઈ ગઈ છે.

વાદળછાયા વાતાવરણ વચ્ચે ભારે ઉકળાટ અને બફારાનો અનુભવ

વાયરલ ઈન્ફેક્શન, શર્દી-કફ અને તાવના દર્દીઓમાં વધારો

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વાદળછાયા વાતાવરણ વચ્ચે રવિવારે વડોદરા શહેરનું મહત્તમ તાપમાન 38.6 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 29.6 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 62% અને સાંજે 43% નોંધાયું હતું.

આગામી દિવસોમાં પ્રિમોન્સૂન એક્ટિવિટી વધુ સક્રિય બનવાની શક્યતા છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરતા જણાવ્યું છે કે વિવિધ વિસ્તારોમાં 20 જૂન સુધી પ્રિમોન્સૂન વરસાદી માહોલ જોવા મળી શકે છે. તેમના જણાવ્યા અનુસાર 16 જૂન સુધી રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ વરસવાની સંભાવના છે. આ દરમિયાન ગરમી અને બફારાથી લોકોને આંશિક રાહત મળી શકે છે. બંગાળના ઉપસાગરમાં એક લો-પ્રેશર સિસ્ટમ સર્જાઈ શકે છે. ત્યારબાદ 26 જૂન પછી અરબી સમુદ્રમાં પણ એક નવી હવામાન પ્રણાલી વિકસે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. નિષ્ણાતોના મતે આ બંને સિસ્ટમ સક્રિય થતાં ગુજરાતમાં વરસાદની તીવ્રતા વધી શકે છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં 26થી 28 જૂન દરમિયાન ભારે વરસાદ નોંધાઈ શકે છે. આ જ સમયગાળા દરમિયાન મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં પણ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આગાહી મુજબ 23 જૂનથી રાજ્યમાં નિયમિત ચોમાસાનો વરસાદ શરૂ થવાની સંભાવના છે. જો હવામાનની સ્થિતિ અનુકૂળ રહેશે તો જૂનના અંતિમ સપ્તાહમાં રાજ્યના અનેક વિસ્તારોમાં મુશળધાર વરસાદ વરસી શકે છે. હાલ ખેડૂતો સહિત સામાન્ય લોકોની નજર આગામી દિવસોની હવામાન પરિસ્થિતિ પર ટકેલી છે, કારણ કે ચોમાસાની સક્રિયતા ખેતી માટે મહત્વપૂર્ણ સાબિત થતી હોય છે.

દોઢ કરોડથી વધુ વ્યાજ ચૂકવ્યા છતાં ૪૭ ચેક અને દાગીના પડાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 14

વડોદરા શહેરના બાપોદ પોલીસ સ્ટેશનમાં વ્યાજખોરીનો ચોંકાવનારો કિસ્સો નોંધાયો છે. આજવા રોડ પર રહેતા શની દિનેશકુમાર પંચાલે દેવાંગ અરવિંદભાઈ પટેલ સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ આરોપીએ એપ્રિલ-2022થી અત્યાર સુધીમાં કુલ રૂ. 1.25 કરોડથી વધુ રકમ માસિક 2થી 16.5 ટકા વ્યાજે આપી હતી. ફરિયાદીએ વ્યાજ પેટે રૂ. 1.27 કરોડથી વધુ રકમ ચૂકવી હોવા છતાં આરોપી મૂળ રકમ બાકી હોવાનું કહી સતત ઉઘરાણી અને ધમકીઓ આપતો હતો. આરોપીએ સિક્યુરિટી તરીકે 47 કોરા તેમજ સહીવાળા ચેક અને સોનાના દાગીના પણ કબજે કરી લીધા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. રૂપિયા નહીં આપે તો ખોટા કેસમાં ફસાવી દેવાની તેમજ દાગીના સગેવગે કરી દેવાની ધમકી આપ્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. બાપોદ પોલીસે સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરામાં રાજ્યભરમાંથી ૩૭,૫૦૦ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા

૧૨૫ સેન્ટર પર લોકરક્ષકની પરીક્ષા, મોડરેટ પેપર નીકળતાં વિદ્યાર્થી મૂંઝાયા

પરીક્ષાર્થીઓ માટે ઓનલાઈન ટિકિટ બુકિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી

પેપર લાંબુ અને ટ્રીકી નીકળ્યું

"પેપરનું સ્તર મોડરેટ રહ્યું હતું અને મેરિટ 200માંથી 110થી 120 માર્ક્સ વચ્ચે રહેવાની શક્યતા છે. પાર્ટ-Aમાં ગણિત, રીઝનિંગ અને ગુજરાતી કોમ્પ્રિહેન્શનના પ્રશ્નો લાંબા અને સમય માંગી લેતા હતા, જ્યારે પાર્ટ-Bમાં સામાન્ય જ્ઞાન આધારિત વિષયો પૂછાયા હતા. રીઝનિંગની શોર્ટકટ ટ્રિક્સ જાણતા ઉમેદવારોને ફાયદો થયો હશે. લાંબા પ્રશ્નોને કારણે ઘણા ઉમેદવારો માટે સમય વ્યવસ્થાપન પડકારરૂપ બન્યું હતું. - **રવિ વઢવાણા,** એક્સપર્ટ

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

વડોદરા શહેરમાં આજે લોકરક્ષકની પરીક્ષા માટે ભાવનગર, સુરત, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, દાહોદ, મહીસાગર સહિતના જિલ્લાઓમાંથી 37,500 ઉમેદવારો નોંધાયા છે. યોજનારી પરીક્ષા માટે શહેરમાં 125 સેન્ટર ઊભા કરવામાં આવ્યા છે.

વડોદરા સેન્ટ્રલ એસ.ટી. ડેપો દ્વારા બહારગામથી આવનાર ઉમેદવારોને આવવા જવા માટે વધુ 100 ટ્રિપોનું આયોજન કરાયું છે. પરીક્ષા કેન્દ્રો બે વિભાગમાં વિભાજિત કરાયા છે. દરેક પરીક્ષા કેન્દ્ર પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. વડોદરા સેન્ટ્રલ એસ.ટી.ડેપો દ્વારા ઉમેદવારોને આવવા જવા માટે વધુ 100 ટ્રિપોનું આયોજન કરાયું છે. જેમાં ઉત્તર ગુજરાત જવા માટે મકરપુરા ડેપોથી, દક્ષિણ ગુજરાત જવા માટે નિઝામપુરા ડેપોથી સૌરાષ્ટ્ર તરફ જવા માટે એસ.ટી.બસ મળી રહેશે. આ ઉપરાંત સેન્ટ્રલ એસ.ટી.ડેપો પરથી અલગ અલગ જગ્યાએ જવા માટે ઉમેદવારોને એસ.ટી.બસ મળશે. જ્યારે ઓનલાઈન ટિકિટ બુકિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

મ. સ. યુનિવર્સિટી દ્વારા પરિપત્ર જારી

મેરિટ લિસ્ટની તૈયારી અને ચકાસણી ૧૬ જૂનથી ૧૮ જૂન દરમિયાન કરાશે

NEP ૨૦૨૦ હેઠળ ચોથા વર્ષના અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ માટે પ્રવેશ પ્રક્રિયા, અરજી માટે છેલ્લો દિવસ

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

મ.સ.યુનિવર્સિટી દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત ચોથું વર્ષ અન્ડર ગ્રેજ્યુએટ પ્રોગ્રામ અમલમાં મૂકવા અંગે પરિપત્ર જારી કરવામાં આવ્યો હતો. હોનર્સ ફ્રેમવર્ક હેઠળ પ્રથમ છ સેમેસ્ટર પૂર્ણ કરેલ લાયક વિદ્યાર્થીઓ ચોથા વર્ષમાં પ્રવેશ માટે એમએસયુ વિદ્યાર્થી લોગીન મારફતે અરજી કરી શકશે.

વિદ્યાર્થીઓ દ્વારા અરજી 15 જૂન અને સંબંધિત ફેકલ્ટી દ્વારા મેરિટ લિસ્ટની તૈયારી અને ચકાસણી 16 જૂન 2026 થી 18 જૂન 2026 સુધી કરાશે. વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશ ફી ભરવાની તારીખ 19 જૂન 2026 થી 20 જૂન, નેપ 2020 અમલમાં મુકાયેલ ફેકલ્ટીઓમાં જ ચોથા વર્ષનો પ્રોગ્રામ ઓફર કરાશે. ડિગ્રીના બે વિકલ્પ રહેશે. જેમાં બેચલર્સ ડીગ્રી હોનર્સ અને બેચલર્સ ડીગ્રી હોનર્સ વિથ રિસર્ચ. પ્રથમ છ સેમેસ્ટરમાં કુલ 75 ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ હોનર્સ વિથ રિસર્ચ માટે વિકલ્પ પસંદ કરી શકશે. હોનર્સ વિથ રિસર્ચ પસંદ કરનાર વિદ્યાર્થીઓએ મુખ્ય વિષયમાં ફેકલ્ટી સભ્યના માર્ગદર્શન હેઠળ રિસર્ચ પ્રોજેક્ટ મ અથવા ડિસરટેશન પૂર્ણ કરવાનું રહેશે. ચોથા વર્ષની ડિગ્રી માટે કુલ 176 ક્રેડિટ જરૂરી રહેશે. બેકલોગ, એટીકેટી, યુએફએમ કેસ, વિથ હેલ્ડ રિઝલ્ટ અથવા અન્ય કોઈ અયોગ્યતા ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે નહીં. માત્ર મ.સ.યુનિ.ના લાયક વિદ્યાર્થીઓને જ અપાશે. તમામ લાયક અને ઇચ્છુક વિદ્યાર્થીઓને નિયત સમયમર્યાદામાં અરજી પ્રક્રિયા પૂર્ણ કરવા જણાવ્યું છે.

મગર-પક્ષીઓના સંવર્ધન કાળમાં ખોદકામ બંધ કરાવવા પાલિકાને અલ્ટીમેટમ

વિશ્વામિત્રીમાં પાલિકાની કાયમી કામગીરી રોકો : પ્રકૃતિપ્રેમીઓ

૪૦થી વધુ સંસ્થાઓ એકમંચ પર, વન્યજીવોના આવાસને નુકસાન પહોંચાડવાનો આક્ષેપ

ઉગ્ર વિરોધ બાદ પાલિકાએ નદીમાં ચાલતી મશીનરી અને ખોદકામની કામગીરી તાત્કાલિક સ્થગિત કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરાની મધ્યમાંથી પસાર થતી અને શહેરની જીવાદોરી સમાન ઐતિહાસિક વિશ્વામિત્રી નદીના બ્યુટીફિકેશન અને તેને ઊંડી કરવાની કામગીરી હાલમાં ભારે વિવાદોના વમળમાં ફસાઈ ગઈ છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાની સરકારી ગ્રાન્ટના ખર્ચે શરૂ કરાયેલી સફાઈ અને ખોદકામની પ્રક્રિયા સામે સ્થાનિક સ્તરે ઉગ્ર વિરોધ ફાટી નીકળ્યો છે. ખાનગી એનજીઓ અને સામાજિક કાર્યકરોએ એકઠા થઈને સીધા સ્થળ પર પહોંચી કામગીરી અટકાવી દેતા પાલિકાના વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

પર્યાવરણવાદીઓ અને પ્રાણી કૂરતા નિવારણ સંસ્થાઓ દ્વારા પાલિકાની આ કામગીરી સામે અત્યંત ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. વિરોધ કરી રહેલા કાર્યકરોના જણાવ્યા અનુસાર, હાલનો સમયગાળો નદીમાં વસતા મગર અને કિનારે રહેતી ટીટોડી સહિતના અસંખ્ય જળચર તેમજ ભૂમિચર જીવો માટે અત્યંત સંવેદનશીલ છે, કારણ કે અત્યારે આ જીવોનો 'બ્રિડિંગ પિરિયડ' એટલે કે સંવર્ધન કાળ ચાલી રહ્યો છે. આવા અત્યંત નાજુક અને સંવેદનશીલ સમયે પાલિકા દ્વારા નદીના પટમાં જેસીબી અને અન્ય ભારે મશીનરી ઉતારીને જે આડેધડ ખોદકામ કરવામાં આવી રહ્યું છે, તેનાથી કુદરતી આવાસને મોટું નુકસાન થઈ રહ્યું છે. આ યાંત્રિક ખોદકામને કારણે નદીમાં રહેતા અસંખ્ય જળચરોના જીવ જોખમમાં મુકાયા છે એટલું જ નહીં, પણ કિનારા પર મૂકેલા પક્ષીઓના ઈંડા અને તેમના માળાઓ પણ સંપૂર્ણપણે નાશ પામી રહ્યા છે.

પાલિકા તંત્રની આ ઘોર નિષ્કાળજી અને સંવેદનહીનતા સામે વડોદરા શહેરની ૪૦થી વધુ પ્રકૃતિપ્રેમી સંસ્થાઓ અને એનજીઓના અગ્રણીઓ એકમંચ પર આવ્યા છે. પર્યાવરણવાદીઓએ તંત્ર સામે ભારે રોષ વ્યક્ત કરતા આક્ષેપ કર્યો છે કે, વડોદરા મહાનગરપાલિકા વિકાસના નામે નદીની કુદરતી સંપદા અને વન્યજીવોને સુરક્ષિત રાખવામાં સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ છે. વિકાસની આ આંધળી દોટમાં જીવસૃષ્ટિનો કચ્ચરઘાણ વાળવામાં આવી રહ્યો છે જે કદાપિ ચલાવી લેવાય નહીં.

સામાજિક કાર્યકરો અને સંસ્થાઓએ પાલિકા પ્રશાસનને સ્પષ્ટ શબ્દોમાં અલ્ટીમેટમ આપતા ચીમકી ઉચ્ચારી છે કે, જો આ જીવલેણ અને પર્યાવરણ વિરોધી કામગીરીને તાત્કાલિક અસરથી અને કાયમી ધોરણે બંધ કરવામાં નહીં આવે, તો તેઓ પાલિકા તંત્ર અને જવાબદાર અધિકારીઓ વિરુદ્ધ વન્યજીવ સંરક્ષણ ધારા હેઠળ કડક કાનૂની કાર્યવાહી હાથ ધરશે. પર્યાવરણવાદીઓના આ ઉગ્ર આક્રોશ અને સ્થળ પર થયેલા હોબાળાને પગલે પાલિકા તંત્ર હાલ પૂરતું બેકફૂટ પર આવી ગયું છે અને તકેદારીના ભાગરૂપે નદીમાં ચાલતી તમામ મશીનરી અને ખોદકામની કામગીરીને સ્થગિત કરી દેવાની ફરજ પડી છે. જોકે, કરોડોના આ પ્રોજેક્ટના ભવિષ્ય અને વન્યજીવોની સુરક્ષાને લઈને વડોદરાના રાજકારણ અને વહીવટી વર્તુળોમાં ગરમાવો આવી ગયો છે.

નળમાં આવે છે ગંદુ પાણી, રસ્તાઓ પર ઉભરાતી ડ્રેનેજ

પરશુરામ ભટ્ઠામાં પ્રી-મોન્સૂન કામગીરી ફલોપ, ગટરના પાણી ઘરના ઓટલા સુધી પહોંચ્યા!

પાલિકા તંત્રના 'સ્માર્ટ સિટી'ના દાવાઓ વચ્ચે ભયંકર રોગચાળાની દહેશત

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા મહાનગરપાલિકા દ્વારા પ્રી-મોન્સૂન કામગીરી અને વિકાસના મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ પરશુરામ ભટ્ઠા વિસ્તારમાં તેની વાસ્તવિકતા વિપરીત જોવા મળી રહી છે. ચોમાસાની શરૂઆત પહેલાં જ ગરસિયા મહોલ્લા સહિતના વિસ્તારોમાં ગટરનું ગંદુ પાણી રસ્તાઓ પર ફરી વળતાં સ્થાનિકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ગટર લાઈનો ચોકઅપ થવાને કારણે ગંદુ પાણી ઘરોના ઓટલા સુધી પહોંચી રહ્યું છે. દર પંદર દિવસે કે મહિને આવી સ્થિતિ સર્જાતી હોવા છતાં તંત્ર દ્વારા કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. સૌથી ગંભીર બાબત એ છે કે ગટર લાઈન લીકેજને કારણે પીવાના પાણીની લાઈનમાં ગંદુ પાણી ભળતું હોવાનું સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. પરિણામે ઘરોમાં ડોળું અને દુર્ગંધયુક્ત પાણી આવી રહ્યું છે, જેના કારણે પીવાનું તો દૂર, રોજિંદા ઉપયોગ માટે પણ પાણી મેળવવું મુશ્કેલ બન્યું છે.

ગંદા પાણીના ભરાવાને કારણે વિસ્તારમાં મચ્છરો અને દુર્ગંધનો ઉપદ્રવ વધ્યો છે, જેના કારણે રોગચાળાની ભીતિ પણ સેવાઈ રહી છે. સ્થાનિકોએ અનેક વખત કોર્પોરેશન, કાઉન્સિલરો અને અધિકારીઓ સમક્ષ રજૂઆતો કરી હોવા છતાં માત્ર સ્થળ મુલાકાતો અને માપણી સુધી જ કાર્યવાહી સીમિત રહી હોવાનું જણાવ્યું છે.

રહિશોની માંગ છે કે તંત્ર તાત્કાલિક ધોરણે જૂની અને નાની ગટર લાઈનો બદલી નવી તથા મોટી ડ્રેનેજ લાઈન નાંખે. ધાર્મિક સ્થળો આસપાસ પણ ગંદુ પાણી ભરાતાં શ્રદ્ધાળુઓને મુશ્કેલી પડી રહી છે. ચોમાસા પૂર્વે જ આવી સ્થિતિ સર્જાતા આગામી ભારે વરસાદ દરમિયાન વિસ્તારની પરિસ્થિતિ વધુ વિકટ બનવાની ભીતિ સ્થાનિકોમાં વ્યાપી છે.